

# ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત
# ગ્રામસેવા કેન્દ્ર ભલાડા . તા. માતર જી.ખેડા.

**સપ્ટેમ્બર – ૨૦૨૦** **પ્રવૃતિ અહેવાલ** **અંક :૧૪**

### ગ્રામસેવા કેન્દ્રની પ્રવૃતિઓ:

૧. વેસ્ટમાથી બેસ્ટ તાલીમ
૨. શિક્ષક દિનની ઉજવણી
૩. શતાબ્દી વર્ષ નિમિતે શાકભાજી ધરું વિતરણ
૪. દીનદયાળ આવાસ યોજના સહાય
૫. હિન્દી દિવસ ઉજવણી
૬. શાળા બંધ છે શિક્ષણ નહીં .
૭. રમત – ગમતના સાધનો
૮. કિચન ગાર્ડન
૯. સ્વાવલંબન વેબિનાર
૧૦. ઓનલાઈન તાલીમ અને પ્રમાણપત્ર
૧૧. પ્રાથમિક સારવાર અને પશુ સારવાર
૧૨. શતાબ્દી વર્ષ નિમિતે – કુટુંબનું અન્ન સ્વાવલંબન સર્વે


ઈમેલ આઈડી:
gvpbhalada@gmail.com

બ્લોગ આઈડી:
http://schoolbhalada9.blogspot.com

ફેસબુક આઈડી:
**Gramseva Kendra Bhalada**

યુટુબ આઈડી :
School nivashi bhalada9

**ટેલિગ્રામ આઈડી :**
**Nivashi bhalada 9**


## ક્રોધ ન કરવો (લઘુ કથા )

પ્રાચીન સમયમાં એક સ્વામીજી હતા, જેમનુ નામ હતુ રામતીર્થ. તે રોજ સવારે વહેલા ઊઠતા અને પૂજા-પાઠ પછી ભિક્ષા માંગવા માટે 5 ઘર જતા હતા.

એક દિવસે સવારે રામતીર્થ ભીક્ષા માંગવા માટે એક એવી મહિલાના ઘરે પહોંચ્યા જે કાયમ ગુસ્સામાં રહેતી હતી. સ્વામીજીએ અવાજ લગાવ્યો કે માતા ભિક્ષા આપો. આ સાંભળીને મહિલાને વધુ ગુસ્સો આવ્યો.

તેણે સ્વામીજીને કહ્યું કે તમને લોકોને ભીખ માંગવા સિવાય કોઈ અન્ય કામ નથી આવડતું શું? તે સમયે તે મહિલા ગોબરથી ઘર લીપી રહી હતી. આ કામ માટે જે કપડાંનો ઉપયોગ કરી રહી હતી, તે ગંદું કપડું તેણે સ્વામીજીને આપી દીધુ અને કહ્યું આ લઈ જાઓ, આજે તમારા માટે આ જ છે મારી પાસે.

સ્વામીજીએ આશીર્વાદ આપ્યો અને ત્યાંથી ગંદું કપડું લઈને નદી કિનારે ગયા. તેમણે નદીમાં ગંદા કપડાંને સાફ કર્યો. તેના પછી તે કપડાંથી દીવા માટે વાટ બનાવી લીધી. બીજી તરફ જ્યારે મહિલાનો ગુસ્સો શાંત થતાં તે તરત જ સ્વામીજી પાસે પહોંચી અને પોતાના કરેલા કર્મોની માફી માગી.

સ્વામીજીએ મહિલાને કહ્યું કે માતા તમે માફી ન માંગો. તમે યોગ્ય ભીક્ષા આપી છે. ભોજન તો તરત ખતમ થઈ જાય છે, પરંતુ તમારી ભીક્ષાથી જ મંદિરના બધા દીવા પ્રગટી રહ્યા છે.

**કથાનો બોધપાઠ:**

આ કથાથી શીખવા મળે છે કે આપણે ક્રોધિત લોકો સામે પણ શાંત રહેવું જોઈએ. જ્યારે ક્રોધ શાંત થાય છે તો બધુ ઠીક થઈ જાય છે. આ સિવાય કોઈ પણ વસ્તુ વ્યર્થ નથી હોતી. હકારાત્મક વિચારીની સાથે ફરીથી તેનો ઉપયોગ કરી શકાય છે.

સંદર્ભ : દિવ્ય ભાસ્કર

**મેહુલભાઈ.એસ.પટેલ.**

❖ **વેસ્ટમાથી બેસ્ટ – તાલીમ : (૩-૯-૨૦ થી ૪-૯-૨૦)**



યુસિક વિભાગ ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા ઓનલાઈન વેસ્ટમાથી બેસ્ટ તાલીમ વર્ગનું આયોજન થયેલ. ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી શાળા ભલાડામાં ઓનલાઈન ટોપલી બનાવાની તાલીમ આપવામાં આવી જેમાં ફેવિકોલ,છાપા,લાકડીથી ટોપલી બનાવતા સંયુક્તાબેન દ્વારા શીખવ્યું . બીજા દિવસે જેમાં કાગળ કામની એક દિવસીય તાલીમ શૈક્ષણિક સેવકોએ તાલીમ લીધી .

❖ **શિક્ષક દિનની ઉજવણી : (૫-૦૯-૨૦૨૦)**



કોરોના માહામારી ને કારણે શાળાઓ બંધ છે પરંતુ શિષ્ય અને ગુરુનો સબંધ ઓછો ના આંકી શકાય . આ સમયમાં શિક્ષકોએ શિક્ષક દિનની અનોખી ઉજવણી કરી . જેમાં વિડીયો કોલ કરી બાળકો સાથે શિક્ષક દિન નિમિતે વિદ્યાર્થીઓ અને વાલીઓ સાથે વાર્તાલાપ કર્યો જૂના સંસ્મરણો વાગોળ્યા અને શિક્ષણ ઉપરાંત વિદ્યાર્થો ઘરે રહી કઈ પ્રવૃતિઓ કરે છે તેના વિષે ચર્ચાઓ કરી .

❖ **શતાબ્દી વર્ષ નિમિતે શાકભાજી ધરું વિતરણ : (૮-૦૯-૨૦૨૦)**

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ ઉજવણી નિમિત્તે આત્મા પ્રોજેકટ દ્વારા ૧૫ બહેનોને શાકભાજી ના રીંગણ , ટામેટી,મરચી,કોબીજ,ફ્લાવર ૧૦૦૦ રોપાનું ધરુનું વિતરણ કરવામાં આવ્યું .

❖ **દીનદયાળ આવાસ યોજના સહાય સર્વે : (૧૦-૦૯-૨૦૨૦)**



ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામસેવા કેન્દ્ર ભલાડા ગામમાં સમાજ કલ્યાણ ખેડા જિલ્લા નડિયાદ ના સહયોગથી પંડિત દીનદયાળ આવાસ યોજના નો લાભ ગામના કાચા મકાન ધરાવતા લોકોને મળી રહે તે માટેનો સર્વે શરૂ કરવામાં આવ્યો .

❖ **હિન્દી દિવસ : (૧૪-૦૯-૨૦૨૦)**

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા ભલાડામાં સૌસેવકો સાથે મળીને હિન્દી ભાષાના મહત્વ વિષે ચર્ચા કરી અને હિન્દી વિનીત પરીક્ષા માટે કુલ - ૨૬ ફોર્મ ભરવામાં આવ્યા .



❖ **શાળા બંધ છે શિક્ષણ નહીં . : (૧૬-૦૯-૨૦૨૦)**

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી શાળાના બાળકો ઘરે રહી પોતાના ઓનલાઈન અભ્યાસમાં વધુ યોગ્ય રીતે કરી શકે તે માટે નજીકના વાલીઓનો સંપર્ક કરી તેઓના ઘરે જઈ વાલીઓને ઓનલાઈન શિક્ષણ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું .



❖ **રમત – ગમત ના સાધનો : (૧૭-૦૯-૨૦૨૦)**

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી શાળાના વિદ્યાર્થીઓ માટે ગુજરાત સરકાર દ્વારા રમત – ગમત વિભાગ રમત – ગમતના સાધનો આપવામાં આવ્યા



❖ કિચન ગાર્ડન : (૧૮-૦૯-૨૦૨૦)

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામસેવા કેન્દ્ર ભલાડામાં સેવકો દ્વારા તથા યુ. પી. એલ. સારસ સંરક્ષણ ના સહયોગથી કિચન ગાર્ડન બનાવવામાં આવ્યું જેમાં દૂધી,રીંગણ ,ટામેટી અને કાકડી ના શાકભાજી ઉગાડવામાં આવ્યા .



❖ સ્વાવલંબન વેબિનાર : (૧૯-૦૯-૨૦૨૦)

સ્વાવલંબન અંગે ગામડા ના લોકોની જાગૃતતા થાય અને વિદ્યાર્થીઓ પોતાના ગામના ખેડૂતોને સંગ્રહની સાથે ખેતી સાથે અનાજ અને કઠોળમાં સ્વાવલબન કરતાં થાય તે હેતુથી ઓનલાઈન વેબિનાર યોજવામાં આવ્યો જેમાં વિદ્યાપીઠના તમામ સેવકો જોડાયા અને પોતાના વિચારો રજૂ કર્યા હતા .



❖ ઓનલાઈન તાલીમ અને પ્રમાણપત્ર : (૨૧-૦૯-૨૦૨૦)

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત અનુદાનિત નિવાસી શાળાના શૈક્ષણિક વિભાગમાં સેવકોએ ઓનલાઈન તાલીમ અને સ્પર્ધામાં ભાગ લઈ પ્રમાણપત્ર મેળવ્યા જેમાં

| વિષય | તાલીમ અને પ્રમાણપત્ર મેળવાર નું નામ |
|---|---|
| - ગુણોત્સવ-૨.૦ મુખ્ય ક્ષેત્ર -૧ અને ૨ , અધ્યયન અને અધ્યાપન<br>- N . c . f - ૨૦૦૫ સામાજિક વિજ્ઞાન – ઉચ્ચ પ્રાથમિક<br>- N . c . f – ૨૦૨૦ પ્રારંભિક બાલ સંભાળ અને શિક્ષણ<br>- ગાંધીજીનું શિક્ષણ દર્શન – ભાગ -૧<br>- N . c . f - ૨૦૦૫ પર્યાવરણ શિક્ષણ | અલ્પેશભાઈ. સો. પટેલ.<br>અને<br>કાજલબેન . રાઠોડ |

## પ્રાથમિક સારવાર અને પશુ સારવાર : (૨૪-૦૯-૨૦૨૦)



Government of Gujarat

Certificate of Completion

This is to certify that

KAJALBEN MANSINGBHAI RATHOD

has successfully completed the course

ગાંધીજીનું શિક્ષણદર્શન: ભાગ ૧

on 23 September 2020

Director, GCERT



Government of Gujarat

Certificate of Completion

This is to certify that

ALPESHKUMAR SOMABHAI PATEL

has successfully completed the course

"એન. સી. એફ. ૨૦૦૫ અને સામાજિક વિજ્ઞાન (ઉચ્ચ પ્રાથમિક)"

on 21 September 2020.

Director, GCERT

**કોનકોર્ડ બાયોટેક લીમિટેડ માતર તાલુકાના સહયોગથી ભલાડા ગામમાં દર ગુરુવારે વિનામુલ્યે પ્રાથમિક સારવાર અને દર શુક્રવારે પશુપાલન વિભાગના સહયોગથી (હેલ્પ લાઇન નંબર ૧૯૬૨) ભલાડા ગામમાં દશગામ દીઠ ફરતુ પશુદવાખાનુ ની શરૂઆત કરવામાં આવી.**






**પ્રાથમિક સારવાર**

**પશુ સારવાર**

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામસેવા કેન્દ્ર ભલાડા ગામમાં 2જી ઑક્ટોબર ને બાપુનાં સ્મરણાર્થે વિશ્વ અહિસા દિન તરીકે ઉજવણી માં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ ઇલાબહેન ભટ્ટે આ વર્ષે સહુને ગામમાં અન્નસ્વાવલંબન અંગે જાણકારી મળી રહે તે માટેનો એક સર્વે કરવા જણાવ્યુ હતું . જેમાં ભલાડા ગામના મોટા-મધ્યમ ખેડૂત, નાના-સીમાંત ખેડૂત, ખેતમજૂર, છૂટકમજૂર, એકલવાયું જીવન જીવતાં વૃધ્ધ/વૃધ્ધા, પશુપાલન કે માછીમારી પર નભતા ને ગામની બહાર મજૂરીએ જતાં કુટુંબોમાંથી ૬૮ કુટુંબોને પસંદ કરીને માહિતી

## ગ્રામસેવા કેન્દ્ર ભલાડાની અન્ય પ્રવૃતિઓ

❖ **મહિલા ઉત્કર્સ યોજના સહાય સર્વે :**

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામસેવા કેન્દ્ર ભલાડા ગામમાં ગામના મહિલાઓનું ૧૦ ના જુથ બનાવી મુખ્યમંત્રી મહિલા ઉત્કર્સ યોજના હેઠળ ૧ લાખ રૂપિયાની લોનની આર્થિક સહાય મળી રહે તે માટે માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું .

❖ **ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના (વિધવા સહાય સર્વે) :**

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત ગ્રામસેવા કેન્દ્ર ભલાડા ગામમાં ગામની ૪૦ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના હેઠળ (વિધવા મહિલા)ઓનો સર્વે કરી તેઓની નોધણી કરવામાં આવી તેઓને માસિક સહાય મળવા પાત્ર થશે .

- ❖ પાલક માતા-પિતા ના 3 કુટુંબોને માસિક 3000/- રૂપિયાનો આર્થિક સહાય મળી રહે તે માટે ના ફોર્મ ભરવામાં આવ્યા.
  - ❖ એ.પી.એલ. કાર્ડને અંનત્યોદય કાર્ડમાં તબદીલ કરવા માટેના વિકલાંગતા ધરાવતા ૧૬ કુટુંબના દિવ્યાંગ વ્યક્તિઓને માહિતી અને માર્ગદર્શન આપી ફોર્મ ભરી આપવામાં આવ્યા.



